**હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ ધ્વારા હળપતિ જાતિના ઈસમો માટે બાંધવામાં આવતા આવાસોની યુનિટ કોસ્ટમાં ફેરફાર કરવા બાબત**

# ગુજરાત સરકાર

## પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક : બજટ/૧૦૨૦૧૨/૯૨/નીતીવિષયક/લ**

**સચિવાલય, ગાંધીનગર.**

**તારીખ : ૨૪/૦૨/૨૦૧૫**

**વંચાણે લીધું :–**

(૧) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગનો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૯/૮૧૯/લ, તા.૧૧/૮/૨૦૧૦

(૨) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગનો ઠરાવ ક્રમાંક:બજટ/૧૦૨૦૧૨/૯૨/નીતીવિષયક/લ, તા.૨૫/૯/૨૦૧૩

(૩) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગનો ઠરાવ ક્રમાંક:બજટ/૧૦૨૦૧૨/૯૨/નીતીવિષયક/લ, તા.૪/૩/૨૦૧૪

(૪) ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડના પત્ર ક્રમાંક : જવિમ/હગય/૫૭૮/૨૦૧૪, તા.૩/૫/૨૦૧૪

(૫) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગનો પરિપત્ર ક્રમાંક : આઈએવાય/૧૦૨૦૧૩/એસએફએસ–૨૦/ખ–૨, તા.૮/૮/૨૦૧૩

**પ્રસ્તાવના :–**

આ વિભાગના વંચાણ–૧ માં દર્શાવેલ ઠરાવથી હળપતિ ગૃહ નિર્માણ યોજના હેઠળ બાંધવામાં આવતા આવાસો માટે નીચેની વિગતે યુનિટ કોસ્ટ નકકી કરવામાં આવેલ છે :

| | |
|---|---|
| રાજ્ય સરકારની સહાય | :– રૂા.૪૫,૦૦૦/– |
| શ્રમ ફાળો | :– રૂા. ૭,૦૦૦/– |
| ટોઈલેટ બ્લોક | :– રૂા. ૨,૨૦૦/– |
| ટોઈલેટ બ્લોકનો શ્રમફાળો | :– રૂા. ૩૦૦/– |
| કુલ યુનિટ કોસ્ટ | :– રૂા. ૫૪,૫૦૦/– |

વંચાણ–(૩) માં જણાવેલ ઠરાવથી ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ ધ્વારા આદિજાતિ વિકાસ વિભાગ તરફથી વર્ષ ૨૦૧૩–૧૪ હેઠળ ૧૩૦ હળપતિ આવાસોના બાંધકામ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી હળપતિ કુટુંબો માટે બાંધવામાં આવતા આવાસો માટે આવાસ સહાયનું ધોરણ રૂા.૪૫,૦૦૦/– થી વધારી રૂા.૭૦,૦૦૦/– કરવાનું ઠરાવવામાં આવેલ હતું.

ઉપરોકત રૂ.૭૦,૦૦૦/– નું સહાયનું ધોરણ ફકત વર્ષ ૨૦૧૩–૧૪ હેઠળના ૧૩૦ હળપતિ આવાસોના બાંધકામ માટે જ લાગુ પાડવામાં આવેલ હોઈ વંચાણ–(૪) માં જણાવેલ ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડના પત્રથી ઉપરોકત રૂ.૭૦,૦૦૦/– ની સહાયનું ધોરણ વર્ષ ૨૦૧૪–૧૫ તથા તે પછીના વર્ષો માટે પણ લાગુ પાડવા રજૂઆત કરવામાં આવેલ હતી. આ રજૂઆત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે ઉકત બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :–**

આદિજાતિ વિકાસ વિભાગ તરફથી હળપતિ ગૃહ નિર્માણ યોજના હેઠળ હળપતિ આવાસોના બાંધકામ માટેગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી બંધાનારા હળપતિ આવાસો માટે સહાયનું ધોરણ રૂ.૪૫,૦૦૦/– થી વધારી રૂ.૭૦,૦૦૦/– કરવાનું નીચેની શરતોને આધીન રહી ઠરાવવામાં આવે છે.

**શરતો :–**

૧. ઉપરોકત સુધારેલ સહાયનું ધોરણ ફકત ૨૦ થી ઉપરનો બીપીએલ સ્કોર ધરાવતા હળપતિ લાભાર્થીઓને જ લાગુ પાડવાનું રહેશે.
૨. ઉકત આવાસ યોજનામાં ટોઈલેટ બ્લોક માટે ભારત સરકારની નિર્મળ ભારત યોજના હેઠળ ગ્રાન્ટની રકમ મેળવવાની રહેશે.
૩. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં ૨૦ થી ઉપરના બીપીએલ સ્કોર ધરાવતા હળપતિ લાભાર્થીઓ માટે આદિજાતિ વિકાસ વિભાગ તરફથી ચાલુ વર્ષની રૂ.૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
૪. લાભાર્થીઓને સહાયનું ચૂકવણું વંચાણ–(૫) માં જણાવેલ પરિપત્રથી નકકી થયેલ હપ્તા મુજબ ઈન્દિરા આવાસ યોજનાના ધોરણે કરવાનું રહેશે.

ઉકત આદેશો આ વિભાગની સમાનાંકી ફાઈલ પર તા.૧૬/૧૦/૨૦૧૪ ના રોજ નાણાં વિભાગની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એમ.શેખ)
**સંયુકત સચિવ**
**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત) નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- કમિશ્નર વ સચિવશ્રી, ગ્રામ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.